ગુજરાત રાજય ગ્રામ વિકાસ નિગમ લિ. ના પટાવાળા / ચોકીદાર સંવર્ગના કર્મચારીઓને દ્વિતીય ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરવા બાબત.

ગુજરાત સરકાર
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક : ગવન/૧૦/૨૦૧૦/૩૦૬/ખ-૨
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૨૯-૧૦-૨૦૧૬

વંચાણે લીધા :

૧. પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો તા.૯-૧૧-૨૦૦૧ નો ઠરાવ ક્રમાંક : ગવન/૧૦૯૮/૪૫૪/ખ-૨
૨. નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક : પગર/૧૦૯૯/૧૫.૫.એ (અ), તા.૨૭-૨-૨૦૦૯
૩. પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો તા.૧૫-૨-૨૦૧૬ નો ઠરાવ ક્રમાંક : ગવન/૧૦/૨૦૦૯/૧૦૯૪/ખ-૨
૪. નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક : પગર/૧૧૯૪/૯૪/મ, તા.૧૬-૮-૯૪
૫. નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક : પગર/૧૧૯૪/૪૪/મ, તા.૧૪-૮-૯૮
૬. નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક : પગર/૧૦૨૦૦૭/૬૧૫/મ, તા.૨-૭-૨૦૦૭
૭. ગુજરાત રાજય ગ્રામ વિકાસ નિગમ લિ. ના પત્ર ક્રમાંક : આરડીસી/ઈએસટી/પગાર સુધારણા/ છઠ્ઠું પગાર પંચ/૧૨૨૫/૫૦૮/૨૦૧૬ તા.૩૦-૬-૨૦૧૬ ની દરખાસ્ત.
૮. ગુજરાત રાજય ગ્રામ વિકાસ નિગમ લિ. ના તા.૨૦-૧૦-૨૦૧૬ ના પત્ર ક્રમાંક : આરડીસી/ઈએસટી/પગાર સુધારણા/ છઠ્ઠું પગાર પંચ/૮૨૬/૨૦૧૬ થી કરાવેલ રજૂઆત.

<u>આ મુ ખ :</u>

ગુજરાત રાજય ગ્રામ વિકાસ નિગમ લિ.ના પટાવાળા/ચોકીદાર સંવર્ગના કર્મચારીઓને દ્વિતીય ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરવા અંગે વંચાણે લીધા : (૭) થી મેનેજીંગ ડિરેકટરશ્રી, ગુજરાત રાજય ગ્રામ વિકાસ નિગમ ધ્વારા તા.૩૦/૬/૨૦૧૬થી વિગતવાર દરખાસ્ત કરવામાં આવેલ.

પ્રસ્તુત દરખાસ્તમાં નિગમ ખાતે ફરજો બજાવતા પટાવાળા/ચોકીદાર સંવર્ગના કર્મચારીઓને પાંચમા પગાર પંચ મુજબ મૂળ પગાર ધોરણ રૂા. ૨૫૫૦-૫૫-૨૬૬૦-૬૦-૩૨૦૦ સામે પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ રૂા.૨૬૧૦-૬૦-૩૧૫૦-૬૫-૩૫૪૦ મંજૂર કરવામાં આવેલ છે. તેમજ પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ રૂા.૨૬૧૦-૬૦-૩૧૫૦-૬૫-૩૫૪૦ ની સામે દ્વિતીય ઉચ્ચતર પગાર ધોરણપાંચમા પગાર પંચ મુજબ પગાર ધોરણ રૂા.૨૬૫૦-૩૫૪૦ મંજૂર કરવાનો થાય છે.

પ્રસ્તુત બાબતે નાણાં વિભાગની તા.૧૨-૯-૨૦૧૬ ની અનુમતિ મળતાં નિગમના વર્ગ-૪ ના કર્મચારીઓની વિગત જોતાં, તેમના કેસમાં નાણાં વિભાગના તા.૧૬-૮-૧૯૯૪, તા.૧૪-૮-૯૮ તથા તા.૨-૭-૨૦૦૭ ના ઠરાવની જોગવાઈઓની તમામ શરતો સંતોષાતી હોઈ કર્મચારીવાર નીચે મુજબ દ્વિતીય ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવામાં આવેલ છે :

| ક્રમ | કર્મચારીનું નામ | મૂળ નિમણુંકની તારીખ | પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ મળ્યા તારીખ | પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણમાં સ્થગિત થયા તારીખ | તા.૧૬–૮–૯૪ ના ઠરાવ મુજબ દ્વિતીય ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર તારીખ | તા.૨–૭–૨૦૦૭ ના ઠરાવ મુજબ દ્વિતીય ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર તારીખ |
|---|---|---|---|---|---|---|
| ૧ | શ્રી આઈ.એસ.રાવળ | ૮–૭–૮૩ | ૮–૭–૯૨ | ૮–૭–૦૫ | ૮–૭–૦૬ | – |
| ૨ | શ્રી કે.એલ.રમલાવત | ૮–૭–૮૩ | ૮–૭–૯૨ | ૮–૭–૦૫ | ૮–૭–૦૬ | – |
| ૩ | શ્રી એન.એ.જોષી | ૮–૭–૮૩ | ૮–૭–૯૨ | ૮–૭–૦૫ | ૮–૭–૦૬ | – |
| ૪ | શ્રી સી.બી.વાઘેલા | ૧૦–૮–૮૫ | ૨–૧૦–૯૪ | ૨–૧૦–૦૬ | તા.૧૬–૮–૯૪ ના ઠરાવ મુજબ મળવાપાત્ર નથી. | ૨–૧૦–૦૯ |
| ૫ | શ્રી આર.જી.વાઘેલા | ૩–૭–૮૩ | ૩–૭–૯૨ | ૩–૭–૦૫ | ૩–૭–૦૬ | – |
| ૬ | શ્રી બી.બી.બારીયા | ૧૬–૧–૮૪ | ૧૬–૧–૯૩ | ૧૬–૧–૦૬ | ૧૬–૧–૦૭ | – |
| ૭ | શ્રી ડી.કે.પીલીતર | ૩–૭–૮૩ | ૩–૭–૯૨ | ૩–૭–૦૫ | ૩–૭–૦૬ | – |
| ૮ | શ્રી જે.કે.શુક્લ | ૩–૭–૮૩ | ૩–૭–૯૨ | ૩–૭–૦૫ | ૩–૭–૦૬ | – |
| ૯ | શ્રી કે.એચ.સોલંકી | ૩–૭–૮૩ | ૩–૭–૯૨ | ૩–૭–૦૫ | ૩–૭–૦૬ | – |
| ૧૦ | શ્રી જી.જી.લબાના | ૩–૭–૮૩ | ૩–૭–૯૨ | ૩–૭–૦૫ | ૩–૭–૦૬ | – |

આમ સદર બાબતે નાણાં વિભાગે જે કર્મચારીના કિસ્સામાં દ્વિતીય ઉચ્ચતર પગાર ધોરણનો લાભ આપવા માટે જે તારીખ / માસ નકકી કરેલ છે તે મુજબ ગુજરાત રાજય ગ્રામ વિકાસ નિગમ લિ. ના પટાવાળા / ચોકીદાર સંવર્ગના કર્મચારીઓને દ્વિતીય ઉચ્ચતર પગાર ધોરણના લાભો આપવાની બાબત રાજય સરકારની વિચારણા હેઠળ હતી.

<u>ઠ રા વ :</u>

પુખ્ત વિચારણાના અંતે ગુજરાત રાજય ગ્રામ વિકાસ નિગમ લિ. ની વંચાણે લીધાં : ૭ ની દરખાસ્ત મુજબના કર્મચારીઓને નાણાં વિભાગના વંચાણે લીધાં : ક્રમાંક –૪, ૫ અને ૬ ના ઠરાવો તથા આ અંગેના નાણાં વિભાગના વખતો વખતના ઠરાવોની જોગવાઈઓ મુજબ દ્વિતીય ઉચ્ચત્તર પગાર ધોરણના લાભો આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

નાણાં વિભાગના વંચાણે લીધાં : ક્રમાંક : ૪,૫ અને ૬ ના ઠરાવો તથા આ અંગેના તેના વખતો વખતના ઠરાવો અન્વયે નકકી કરવામાં આવે તે શરતોનું પાલન સંબંધિત કર્મચારી / અધિકારી કરે છે કે કેમ તે નિગમના વહીવટી સંચાલકે સુનિશ્ચિત કરી આ અંગે નાણાં વિભાગે નિયત કરેલ કાર્યપ્રણાલીને અનુસરીને જરૂરી આદેશો કરવાના રહેશે.

ગુજરાત રાજય ગ્રામ વિકાસ નિગમના કિસ્સામાં નિગમના કર્મચારીઓની પગાર બાંધણીની ચકાસણી કોના દ્વારા કરવાની રહે છે તે બાબતે વિભાગના ઉકત ઠરાવોમાં કોઈ ઉલ્લેખ કરવામાં આવેલ નથી. આથી આ બાબતે ઉકત સંદર્ભ–૮ થી નિગમ દ્વારા કરાયેલ રજૂઆતને ગ્રહય રાખીને નિગમના કર્મચારીઓના કિસ્સામાં પગાર બાંધણીની ચકાસણી નિગમના ઓડીટર / આંતરિક ઓડીટર દ્વારા કરવાની રહેશે.

બીજું ઉચ્ચત્તર પગાર ધોરણ મેળવતા તમામ કર્મચારીઓનું પે વેરીફીકેશન આઈ.એફ.એમ.એસ. સીસ્ટમ દ્વારા ફરજિયાતપણે કરવાનું રહેશે. આ માટે નિગમે ફરજિયાતપણે નાયબ નિયામક ઈ.ડી.પી. સેલ, નિયામકશ્રી હિસાબો અને તિજોરીની કચેરીનો સંપર્ક કરવાનો રહેશે.

નિગમના કર્મચારીઓની પગાર બાંધણી અંગેની ચકાસણી નિગમ દ્વારા નિયુકત કરવામાં આવેલ આંતરિક ઓડીટર દ્વારા કરાવવાની રહેશે. તેમજ વિભાગ દ્વારા કરવામાં આવેલ ઉચ્ચતર પગાર ધોરણ અંગેના તા.૫–૧૨–૧૫ તથા તા.૧૫–૨–૧૬ ના ઠરાવોને પણ આ જોગવાઈ લાગુ પડશે.

આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઈલ ઉપર મળેલ રાજય સરકારની તા. ૩–૧૦–૨૦૧૬ ની મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(યુ.યુ.પઠાણ)
ઉપસચિવ
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

પ્રતિ,
(૧) માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર મુખ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(૨) માન. રાજય કક્ષાના મંત્રીશ્રી (પંચાયત) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(૩) અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૪) કમિશ્નરશ્રી (ગ્રામ વિકાસ), કમિશ્નરશ્રી ગ્રામ વિકાસની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
(૫) કમિશ્નરશ્રી, જાહેર સાહસો, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૬) મેનેજીંગ ડિરેકટરશ્રી, ગુજરાત રાજય ગ્રામ વિકાસ નિગમ લિ. ગાંધીનગર.
(૭) સિસ્ટમ મેનેજરશ્રી, પંચાયત, ગ્રામ વિકાસ વિભાગ. ઠરાવ વેબસાઈટ ઉપર અપલોડ કરવા સારુ.
(૮) નાયબ નિયામકશ્રી, ઈ.ડી.પી. સેલ, નિયામકશ્રી હિસાબ અને તિજોરીની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
(૯) સિલેકટ ફાઈલ.
(૧૦) શાખા સિલેકટ ફાઈલ.